## શ્રી મોહનભાઈ ઢોડિયા, માન.ધારાસભ્યશ્રી ૧૭૦–મહુવાનું માર્ગ–મકાન વિભાગની માંગણી પરનું પ્રવચન

**માન.અધ્યક્ષશ્રી,**

માન. માર્ગ મકાન મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ માંગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને માર્ગ અને મકાન વિભાગની માંગણી પર હું મારા વિચારો રજૂ કરું છું.

**માન.અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકાર દ્વારા રાજ્યના સર્વાંગી વિકાસ માટે ગામડાથી લઈને શહેર સુધી સાંકળતા જોડતા રસ્તાઓ વિવિધ યોજનાઓ પ્રગતિપથ, વિકાસપથ, તાલુકા મથકે વિકાસપથ, પ્રવાસીપથ, કિસાનપથ, તાલુકા થી તાલુકાને જોડતા રસ્તા, જિલ્લા મથકને નજીકના જિલ્લા મથક સાથે જોડતા, બંદરોને જોડાણ, ઉદ્યોગોને જોડતા રસ્તા જેવી યોજના અંતર્ગત કામો મંજુર કરેલ છે. ગ્રામ્ય માર્ગોની સુધારણા તેમજ જોડાણના વિસ્તરણ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના સફળતા પુર્વક અમલમાં મુકેલ છે. જેના સારા પરીણામો મળી રહ્યા છે.

**માન.અધ્યક્ષશ્રી,**

પ્રગતિપથ યોજના અન્વયે ૮.૬૦ કિ.મી. લંબાઈના રસ્તાઓનું ચારમાર્ગીયકરણ તથા સ્ટ્રકચરને ચારમાર્ગીય રસ્તાને અનુરૂપ બનાવવા માટે રૂા.૫૨.૦૦ કરોડની અંદાજીત રકમ કામો પ્રગતિમાં છે. રાજ્યના પ્રવાસન સ્થળોને જોડતા રસ્તાઓને વિકસાવવા માટે રૂા.૨૭૧.૨૬ કિ.મી. લંબાઈના રૂા. ૪૮૫.૭૯ કરોડની અંદાજીત રકમના કામો પ્રગતિમાં છે.

**માન.અધ્યક્ષશ્રી,**

૪૦ પુલોના બાંધકામ માટે રૂા. ૯૭૯.૧૦ કરોડની અંદાજીત રકમના કામો પ્રગતિમાં છે અને મુખ્ય મંત્રીશ્રી ગ્રામ સડક યોજના અંતર્ગત રૂા.૫૦૦૫.૦૦ કરોડની અંદાજીત રકમના કામો હાથ ધરવામાં આવનાર છે.

**માન.અધ્યક્ષશ્રી,**

અમદાવાદ–રાજકોટ રાષ્ટ્રીય ધોરીમાર્ગની ૨૦૧ કિ.મી. લંબાઇના રૂા. ૩૩૫૦ કરોડની અંદાજીત રકમથી છ–માર્ગીકરણની કામગીરી હાલમાં ચાલુ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ – ગઢુલી–સાંતલપુર રસ્તાની ખુટતી કડીની ૭૯.૫૯ કિ.મી. લંબાઇના બાંધકામ માટે રૂા. ૪૦૦.૭૬ કરોડની કામગીરી પણ પ્રગતિમાં છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાતના ગિરિ મથક સાપુતારાથી સબરી ધામ– ઝરવાણી ધોધ થઇને સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડીયા કોલોની) ને ૧૦ મીટર પહોળા રસ્તાથી જોડવા માટે ૨૧૮ કિ.મી. લંબાઇના રસ્તાને વિકસાવવા માટે રૂા. ૧૬૭૦ કરોડના આયોજન જે અન્વયે કુલ ૯૫.૦૦ કિ.મી. લંબાઇના ૬ રસ્તાઓ માટેની રૂા.૨૧૯.૧૭ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાતના દરિયા કાંઠે આવેલ હયાત રસ્તાઓનું મજબુતીકરણ / અપગ્રેડેશન /ખુટતીકડીના રસ્તાઓ અને નાના મોટા પુલના બાંધકામ સહિત કોસ્ટલ હાઇવે વિકસાવવા માટે રૂા.૨૪૪૦ કરોડનું આયોજન અન્વયે પ્રથમ તબક્કામાં કુલ ૨૭૨.૮૦ કિ.મી. લંબાઇના ૨૫ રસ્તાઓના કામોને રૂા.૬૯૩.૪૯ કરોડના ખર્ચે હાથ ધરેલ છે તથા બીજા તબક્કાના કુલ ૧૨૩.૦૦ કિ.મી. લંબાઇના ૨૧ રસ્તાઓના કામોને બાંધકામ પહેલાંની પ્રવૃત્તિ જેવી કે, યુટીલીટી શીફ્ટીંગ, જમીન સંપાદન તથા વન વિભાગની મંજુરી માટે રૂા.૨૮૫.૦૮ કરોડની મંજુરી મળેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

રાજ્યમાં ઉત્તર–દક્ષિણ, પુર્વ–પશ્ચિમના આદિજાતિ વિસ્તારો અને અન્ય રાજ્યને જોડતા ૯ (નવ) લાંબા અંતરના કોરીડોર કુલ ૩૭૧૦ કિ.મી. લંબાઇના હાઇસ્પીડ કોરીડોરની પ્રગતિપથ કામગીરી પુર્ણ થયેલ છે. વધતા જતા ટ્રાફિકને ધ્યાને લઇ વર્ષ ૨૦૧૭–૧૮માં પ્રગતિપથના આ કોરીડોરને ચારમાર્ગીયકરણ કરવાનો બજેટમાં સમાવેશ કરવામાં આવેલ હતો.

માન.અધ્યક્ષશ્રી,

જે અંતર્ગત સ્ટ્રકચરને ચારમાર્ગીય રસ્તાને અનુરૂપ બનાવવા માટે રૂા.૨૦૮.૭૫ કરોડની મંજુરી મળેલ છે. કુલ ૨૬૭.૧૯ કિ.મી. લંબાઇના રૂા. ૮૧૧.૮૨ કરોડના ખર્ચે રસ્તાઓની કામગીરી પૂર્ણ કરેલ છે. જ્યારે ૮.૬૦ કિ.મી. લંબાઇના રૂા.૩૪.૧૩ કરોડના ખર્ચે રસ્તાને ચારમાર્ગીયકરણ કરવાની કામગીરી પ્રગતિમાં છે.

માન.અધ્યક્ષશ્રી,

વડોદરા તેમજ નેશનલ હાઇવે-૮ થી અંકલેશ્વર / ભરૂચ થી સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડીયા કોલોની) ને જોડતા રસ્તાઓને ચારમાર્ગીયકરણ કરવા આપેલ મંજુરી પૈકી વડોદરા - કેવડીયા કોલોની રસ્તાની ૮૪.૪૦ કિ.મી. લંબાઇની કામગીરી રૂા. ૫૨૩ કરોડના ખર્ચે પુર્ણ થયેલ છે. અંકલેશ્વર - રાજપીપળાની કામગીરી પ્રગતિમાં છે.

માન.અધ્યક્ષશ્રી,

અમદાવાદ-ડાકોર, હિંમતનગર-અંબાજી, હાલોલ-પાવાગઢ અને સોનગઢ-પાલીતાણા યાત્રાધામોને જોડતા ૩૭૦.૬૦ કિ.મી. લંબાઈનાં રસ્તાઓનું ચારમાર્ગીયકરણ રૂા.૧૫૩૮.૦૦ કરોડની અંદાજીત રકમથી હાથ ધરેલ છે. આ રસ્તા ઉપર પદયાત્રીઓની સુરક્ષા માટે રસ્તાની એક તરફ જમીનની ઉપલબ્ધીને આધીન ૨.૫ મીટરની પગદંડીનું આયોજન છે. જે પૈકી ૩૫૪.૦૭ કિ.મી. લંબાઇના કામગીરી પુર્ણ થયેલ છે. તથા ૧૪.૨૦ કિ.મી. લંબાઇમાં કામગીરી પ્રગતિમાં છે.

માન.અધ્યક્ષશ્રી,

વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૬ પુલોની કામગીરી રૂા.૧૨૯.૫૦ કરોડની અંદાજીત રકમથી પુર્ણ કરવામાં આવેલ છે. નર્મદા નદી પર સીનોર – માલસર – અસા રસ્તા પર નર્મદા નદી પર રૂા.૨૨૫ કરોડની અંદાજીત રકમના પુલનું કામ પુર્ણ કરેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

જુદા જુદા જિલ્લાઓમાં વિવિધ માર્ગો પર પસાર થતી નદી પર ૪૦ પુલો બાંધવા માટે રૂ.૯૭૯.૧૦ કરોડ કામો પ્રગતિ હેઠળ છે. તથા રૂ.૭૨૫.૫૮ કરોડની અંદાજીત રકમથી ૨૪ પુલોની કામગીરી હવે હાથ ધરવામાં આવશે.

માન.અધ્યક્ષશ્રી,

૧૦ મીટર પહોળી ડામર સપાટી કરવાના રસ્તાના કામો અગાઉ મંજુર કરેલ તેમજ ચાલુ વર્ષે મંજુર કરેલ કામો પૈકી વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ૨૫ રસ્તાના કામો ૨૮૨.૦૯ કિ.મી. લંબાઈના રૂ.૪૦૪.૪૭ કરોડની રકમના પુર્ણ, ૪૧ રસ્તાના કામો ૬૧૫.૭૮ કિ.મી. લંબાઈના રૂ.૧૧૪૮.૮૪ કરોડની રકમના પ્રગતિમાં, ૨૦ રસ્તા કામો ૧૮૧.૬૩ કિ.મી. લંબાઈનાં રૂ.૬૦૪.૮૯ કરોડની રકમના શરૂ થનાર છે

માન.અધ્યક્ષશ્રી,

ભારે ટ્રાફિકવાળા રાજ્ય ધોરીમાર્ગો પર આવેલા જંકશન પર ઇંધણ અને સમયના બચાવ માટે ફલાય ઓવર બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો જે અન્વયે રાજ્યમાં ખેડા, મહેસાણા, પાટણ, કચ્છ, સુરત, ગાંધીનગર, રાજકોટ અને મોરબી જીલ્લામાં રૂ.૧૦૭૯.૫૨ કરોડની અંદાજીત રકમનાં ૧૩ ફલાયઓવર બાંધવાની કામગીરી મંજુર થયેલ છે. જે પૈકી ૪ કામો રૂ. ૩૩૪.૨૦ કરોડના પુર્ણ, ૭ કામો રૂ.૫૮૪.૭૭ કરોડના પ્રગતિમાં તથા ૨ કામો રૂ.૧૬૦.૫૫ કરોડના હવે શરૂ થનાર છે.

માન.અધ્યક્ષશ્રી,

મર્યાદિત નાણાકીય ઉપલબ્ધતાને કારણે વિકાસ અટકે નહીં તે માટે ખાનગીકરણ/પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ યોજના અંતર્ગત માર્ગોને જરૂરિયાત મુજબ પહોળા તથા યોગ્ય ક્ષમતાવાળા બનાવવાનો અભિગમ હાથ ધરલે છે. અમદાવાદ-વિરમગામ-માળીયા ૧૯૦.૦૦ કી.મી., રાજકોટ-જામનગર-વાડીનાર ૧૩૧.૬૫ કી. મી., હાલોલ-ગોધરા-શામળાજી ૧૭૩.૦૩ કી.મી. લંબાઈની ચારમાર્ગીયકરણની કામગીરી અને ૧૦ મીટર પહોળો કરવાની

કામગીરી પૂર્ણ થયેલ છે. જ્યારે બગોદરા- વટામણ-તારાપુર-વાસદ હયાત ત્રિમાર્ગીય રસ્તાને છ માર્ગીય પહોળો કરવાની કામગીરી બે અનુભાગમાં તારાપુર રસ્તાની ૪૮.૧૦૦ કી.મી. લંબાઈ તેમજ બગોદરા-તારાપુર રસ્તાની ૫૩.૬૦૦ કી.મી. લંબાઈ એમ કુલ ૧૦૧.૯૦૦ કી.મી. ની કામગીરી પૂર્ણ કરેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

નિગમ દ્વારા ભરૂચ-દહેજ રસ્તા પર ભોલાવ ચોકડીથી શ્રવણ ચોકડી સુધીના ૩.૪ કી. મી. લાંબા ૬ માર્ગીય એલિવેટેડ કોરિડોરની અંદાજે રૂા.૪૨૦.૦૦ કરોડના ખર્ચે મોડીફાઇડ એન્યુઇટી ધોરણે હાથ ધરેલ કામગીરી અને કીમ-માંડવી રસ્તાને આંશિક ૪ માર્ગીય તેમજ મજબૂતીકરણની રૂા.૨૦૫.૦૦ કરોડના અંદાજી ખર્ચે મોડીફાઇડ એન્યુઇટી ધોરણે હાથ ધરેલ krishnaUni-13.5 | leading 16 | Times new roman -11 | Title 16 | Before 1.5 mm 374 કામગીરી પ્રગતિમાં છે. ઉપરાંત, હિંમતનગર બાયપાસ રસ્તાને રૂા. ૭૪.૭૪ કરોડના ખર્ચે ઇ.પી.સી ધોરણે ૪ માર્ગીય કરવાની કામગીરી પણ પ્રગતિમાં છે.

**માન.અધ્યક્ષશ્રી,**

કેન્દ્ર સરકાર દ્વારા વિકસાવાઈ રહેલ દિલ્હી મુંબઈ એક્સપ્રેસવેનો લાભ રાજ્ય સરકારના અગત્યના ઇન્ડસ્ટ્રિયલ ઝોન એવા દહેજ વિસ્તારની મળે તે હેતુથી ભરૂચ-દહેજ રસ્તાના મનુબાર જંકશનથી દહેજ સુધીના રસ્તાને એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસવે તરીકે વિકસાવવાની કામગીરી નિગમે રૂા. ૮૨૮.૦૦ કરોડના અંદાજિત ખર્ચે હાથ ધરેલ છે. તદઉપરાંત, રાજ્ય સરકારના ૫ હાઇસ્પીડ કોરિડોર વિકસાવવાના આયોજનના ભાગરૂપે ૨ સૌથી અગત્યના કોરિડોર એવા વટામણ-પીપળી રસ્તાને રૂા.૩૮૫.૦૦ કરોડના અંદાજિત ખર્ચે મોડીફાઇડ એન્યુઈટી ધોરણે વિકસાવવા અને આંતરરાષ્ટ્રીય સીમારેખા સાથે સંલગ્ન એવા સરહદી જિલ્લા એવા કચ્છ જિલ્લાના વિકાસને વેગ આપવા ભુજ-ભચાઉ રસ્તાને રૂા.૪૫૦.૦૦ અંદાજિત કરોડના ખર્ચે મોડીફાઇડ એન્યુઇટી ધોરણે ૪ માર્ગીય હાઈ સ્પીડ કોરિડોર તરીકે વિકસાવવાની કામગીરી પણ નિગમે હાથ ધરી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

અમદાવાદ-વિરમગામ-માળીયા રસ્તા પરથી કડી ઔદ્યોગિક વિસ્તાર તરફ જતાં ટ્રાફિકને "બિન અવરોધરૂપ મુસાફરીની સુવિધા મળી રહે" તે હેતુથી સચાણા ગામ પાસે આવેલ હયાત રેલ્વે ક્રોસિંગ પર રૂા.૧૦૦.૦૯ કરોડના અંદાજિત ખર્ચે ૨ કી. મી. લાંબા રેલ્વે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી પણ નિગમે હાથ ધરેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકાર દ્વારા વિશ્વબેંક લોન સહાયીત ગુજરાત રાજ્ય માર્ગ યોજના-૧(જી.એસ.એચ.પી-૧)ના અમલીકરણ અંગે વિશ્વબેંક દ્વારા અપાયેલ અત્યંત સંતોષકારક રેટીંગ બાદ સરકાર દ્વારા વિશ્વબેંક લોન સહાયીત ગુજરાત રાજ્ય માર્ગ યોજના-૨ (જી.એસ.એચ.પી-૨) અંતર્ગત રાજ્યના કોર નેટવર્ક પૈકીના રાજ્યધોરી માર્ગોને પહોળા અને મજબુત કરવાની, પુન: સ્થાપીત કરવાની કામગીરી હાથ ધરેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

માર્ગ અને મકાન વિભાગના સંસ્થાકીય માળખાના મજબુતીકરણ માટે જરૂરી સૂચનો અને તેના અમલીકરણ કરવાનો સમાવેશ થાય છે. આ અભ્યાસનો મુખ્યહેતુ ગુજરાત રાજ્યના વિઝન અનુરૂપ વ્યૂહાત્મક હેતુઓ સાથે જોડાયેલ મુખ્ય રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું આયોજન, વ્યવસ્થાપન અને માર્ગ અને મકાન વિભાગની સંસ્થાકીય ક્ષમતા અને કામગીરીમાં સુનિશ્ચિત વધારો કરવાનો છે. વિવિધ અભ્યાસ પછી ઘણા મુદ્દાઓને મંજુરી પ્રાપ્ત થયેલ છે તથા અમુક ટાસ્ક હાલ મંજુરી હેઠળ છે. આ બાબતોએ તૈયાર કરેલ કાર્ય યોજના તથા તેના પરની ભલામણોનો સ્વીકાર કર્યા બાદ તેનું અમલીકરણ એકંદરે રૂા.૭૨ કરોડના અંદાજીત ખર્ચે પૂર્ણ કરેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૬-૧૭ માં ગ્રામ્ય માર્ગોની સુધારણા તેમજ જોડાણના વિસ્તરણ માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના નામે નવતર યોજનાની શરૂઆત કરેલ છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષ (વર્ષ ૨૦૨૩-૨૪) રૂા.૩૮૦૮.૨૭ કરોડની જોગવાઈ કરાયેલ છે. જે હેઠળ નીચે મુજબના વિવિધ કામોને મંજુરી પ્રદાન કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

હયાત રસ્તાઓ પર સાંકળા નાળા તથા કોઝવેને કારણે ભારે વરસાદના સમયે ટ્રાફીકને અડચણ ન થાય તે હેતુથી કોઝવે/સાંકળા નાળાને સ્થાને ઉંચા બારમાસી સ્ટ્રકચર (પુલો) ના બાંધકામ માટે Rs ૪૮.૮૮ કરોડના અંદાજી રકમના કુલ ૨૩ કામોને મંજુરીઓ આપવામાં આવી છે.

**માન.અધ્યક્ષશ્રી,**

બજેટ ઉચ્ચક જોગવાઈ સદરે રૂા.૭૦.૯૨ કરોડના અંદાજી રકમના ૧૦૩.૩૪ કિ.મી. લંબાઈના કુલ ૭૭ કામોને મંજુરીઓ આપવામાં આવી. આ સઘળા કામો માટેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે તથા આ કામો ટુંક સમયમાં શરૂ થનાર છે. ઉપરોકત યોજનાઓ હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ રૂા.૬૨૨૩ કરોડની જોગવાઈ માટે દરખાસ્ત કરવામાં આવેલ છે જે હેઠળ ઉપર મુજબની યોજનાઓ માટે મંજુરીઓ આપવામાં આવશે.

**માન.અધ્યક્ષશ્રી,**

ગાંધીનગર સેક્ટર-૬ ડી ખાતે 'બી' ટાઈપના ૨૮૦-ક્વાટર્સનું રૂા.૫૯.૦૦ કરોડનું કામ, 'સી' ટાઈપના ૩૩૬-ક્વાટર્સનું રૂા. ૮૯.૦૦ કરોડનું કામ, સેક્ટર-૨૯ ખાતે 'છ' ટાઈપના ૫૬૦-ક્વાટર્સનું રૂા.૧૩૧.૫૦ કરોડનું કામ, સેક્ટર-૨૮ માં 'બી' ટાઈપના ૪૪૮-ક્વાટર્સ રૂા. ૯૧.૪૫ કરોડ અને સેક્ટર-૨૯ માં 'બી' ટાઈપના ૫૦૪-ક્વાટર્સ રૂા. ૧૦૨.૮૫ કરોડનું કામ પ્રગતિમાં છે.

માન.અધ્યક્ષશ્રી,

જે માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ ટકા સ્ટેટ ફંડમાંથી તેમજ ફાટક મુક્ત અભિયાન હેઠળ ગુજરાત સરકાર તથા ભારતીય રેલ્વેના ૫૦ ટકા ૫૦ ટકા સહભાગીદારી હેઠળ એક લાખ ટ્રેન વ્હીકલ યુનીટથી વધુ ટ્રાફીક હોય તેવા રેલ્વે ક્રોસીંગ પર ઓવરબ્રીજ બાંધવાની કામગીરી હાથ ધરેલ છે.

માન.અધ્યક્ષશ્રી,

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તા, પુલો અને મકાનોના નાના મોટા અનેકવિધ કામો હાથ ધરવામાં આવે છે. આવા બધા કામો નિર્દિષ્ટ ધોરણો પ્રમાણે થાય તે માટે દેખરેખ રાખવાની વ્યવસ્થા વર્તુળ, વિભાગ, પેટા વિભાગો તથા તેમની નીચેના નાના એકમો પાડી કરવામાં આવે છે.

માન.અધ્યક્ષશ્રી,

તેમ છતાં આવા કામો ધોરણસરની નિર્દિષ્ટ વિગતો પ્રમાણે થાય તેની તકેદારી માટે રાજ્યકક્ષાએ મુખ્ય ઈજનેરશ્રીના તાબા હેઠળ એક અધિક્ષક ઈજનેર, ગુણવત્તા નિયમન વિભાગો નિરીક્ષણ કરી ચકાસણી કરે છે. ફરીયાદ અંગે પ્રાથમિક તપાસ ઉપરાંત કામો સમયસર સુધારી લેવા અને નિર્દિષ્ટ ધોરણો પ્રમાણે ચાલતા રાખવા માટે આ પ્રથા ઘણીજ ઉપયોગી છે તેના કારણે કામોની ગુણવત્તા જળવાય છે અને કામોના ધોરણો જળવાય છે.

માન.અધ્યક્ષશ્રી,

આજની માંગણીઓને હું મારૂ સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

.....જય શ્રી રામ....